# SARDAR PATEL UNIVERSITY

**VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA**

NAAC Accredited with Grade 'A' (CGPA 3.25) (23-01-2017 to 22-01-2022)

**Website : www.spuvvn.edu** **Phone : 91-02692- 226807**


**એકેડેમિક વિભાગ**

**વિષયઃ** ફુલ-ટાઇમ તેમજ પાર્ટ-ટાઇમ પીએચ.ડી. કરતાં વિદ્યાર્થીઓની હાજરી બાબત.

**સંદર્ભઃ** ૧) યુનિવર્સિટીનો તા.: ૨૫-૦૮-૨૦૧૫નો પરિપત્ર નં.: ડી/ઈ/૧૦/૩૩૦૪ તેમજ
૨) યુનિવર્સિટીનો તા.: ૦૮-૧૧-૨૦૧૬નો પરિપત્ર નં.: ડી/ઈ/૧૦/૫૧૫૭
૩) યુનિવર્સિટીનો તા.: ૧૬-૦૯-૨૦૨૨નો પરિપત્ર નં.: ડી/ઈ/૧૦/૪૬૨૩

પાર્ટ ટાઇમ કરતાં વિદ્યાર્થીઓની હાજરી બાબતે ઉપરોક્ત પરિપત્રોનાં અનુસંધાને વિવિધ અનુસ્નાતક વિભાગો તેમજ માર્ગદર્શકશ્રીઓની રજૂઆતોને ધ્યાને લઈ,યુનિવર્સિટીનાં ઉપરોક્ત સંદર્ભનાં પરિપત્રો તેમજ R.Ph.D. 3.2 **A fulltime registered Ph. D. Candidate shall be allowed to submit Ph. D. synopsis after completion of a minimum period of four terms / two years (after registration for Ph.D.) and a part time candidate shall be allowed to submit synopsis after completion of six terms / three years (after registration for PhD). However, submission of thesis shall be allowed as per the minimum duration of the Ph.D. programme specified in R. Ph. D 3.1, and the candidate must submit the thesis within one year of submitting the synopsis. Part time students must have at least 90 days per year (including holidays, vacations and off- office hours) of contacts / interactions with the guide and the research group related to research work. A record of the same must be kept at the respective Department and a copy of the same forwarded through the guide shall be appended with the synopsis.** જે અનુસાર

૧) ફુલ-ટાઇમ પીએચ.ડી. કરતાં વિદ્યાર્થીઓની હાજરી હવે પછી, જે તે વિભાગ/કોલેજ/સંસ્થા દ્વારા બાયોમેટ્રીકસ સ્વરૂપે લેવાની રહેશે તથા સદર બાયોમેટ્રીક હાજરીની માસિક પ્રિન્ટને માર્ગદર્શક તેમજ સંબંધિત DRAC અધ્યક્ષશ્રી દ્વારા પ્રમાણિત કરાવી રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ સાથે વિદ્યાર્થી દ્વારા એકેડેમિક વિભાગ ખાતે રજૂ કરવાની રહેશે. તેમજ તેની એક નકલ જે તે વિભાગ/કોલેજ/સંસ્થાએ રેકર્ડ સ્વરૂપે રાખવાની રહેશે.

૨) પાર્ટ-ટાઇમ પીએચ.ડી. કરતાં વિદ્યાર્થીઓની હાજરી અંગે જે - તે વિદ્યાર્થીનાં માર્ગદર્શક દ્વારા R.Ph.D. 3.2 મુજબ તેઓની હાજરી અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે જે પ્રમાણપત્રને માર્ગદર્શક તેમજ સંબંધિત DRAC અધ્યક્ષશ્રી દ્વારા પ્રમાણિત કરાવી રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ સાથે વિદ્યાર્થી દ્વારા એકેડેમિક વિભાગ ખાતે રજૂ કરવાની રહેશે. તેમજ તેની એક નકલ જે તે વિભાગ/કોલેજ/સંસ્થાએ રેકર્ડ સ્વરૂપે રાખવાની રહેશે.

યુનિવર્સિટીના દરેક અનુસ્નાતક વિભાગે તેઓનાં વિભાગમાં ફુલ-ટાઇમ પીએચ.ડી. કરતાં વિદ્યાર્થીઓની બાયોમેટ્રીકસ હાજરી અંગેની કાર્યવાહી કરવાની રહેશે તેમજ જે વિદ્યાર્થીઓની બાયોમેટ્રીક હાજરી લેવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં શ્રી રાજપરા ભાઈ, ટેલીફોન વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીનો સંપર્ક કરી આ અંગેની કાર્યવાહી વિભાગના વડાશ્રીએ કરવાની રહેશે.

જ્યાં બાયોમેટ્રીક મશીન ન હોય તેવા વિભાગ/કોલેજ/સંસ્થાએ આ અંગેની વ્યવસ્થા વહેલી તકે કરાવી લેવાની રહેશે.

વધુમાં, સર્વે અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ/નિયામકશ્રીઓ, તથા પીએચ.ડી. ચલાવતી સંસ્થાઓને જણાવવામાં આવે છે કે, આપના વિભાગ/કોલેજ/ સંસ્થા ખાતે ફુલ-ટાઇમ અથવા પાર્ટ-ટાઇમ પીએચ.ડી. કરતાં વિદ્યાર્થીઓના રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ યુનિવર્સિટી વેબસાઇટ ઉપર ઉપલબ્ધ ફોર્મેટ મુજબ જ રજૂ થાય તે મુજબની તકેદારી દરેક પીએચ.ડી. માર્ગદર્શક તેમજ વડાશ્રી દ્વારા રાખવા જણાવવામાં આવે છે.

**ખાસ નોંધઃ** તા.:૧૮-૦૧-૨૦૨૩ બાદનાં રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ સાથે ફુલ ટાઇમ પીએચ.ડી કરતાં વિદ્યાર્થીઓની બાયોમેટ્રીક હાજરી તેમજ પાર્ટ ટાઇમ પીએચ.ડી. કરતાં વિદ્યાર્થીઓનું તેઓનાં માર્ગદર્શક તેમજ DRAC અધ્યક્ષશ્રી દ્વારા પ્રમાણિત કરાવેલ ન હોય તેવા રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ યુનિવર્સિટી દ્વારા સ્વિકારવામાં આવશે નહિં, જેની નોંધ લેશો.

નંબરઃ ડી/ઈ/૧૦/૭૯૩૪
વલ્લભ વિદ્યાનગર
તા.: ૦૬-૦૨-૨૦૨૩
૦૮

કુલસચિવ

પ્રતિ,

૧) અધ્યક્ષશ્રી,વિભાગિય શોધ સલાહકાર સમિતી,અનુસ્નાતક ____________ વિભાગ,સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગર તરફ તેમજ સંબંધિત માર્ગદર્શકશ્રીઓ,વિદ્યાર્થીઓને આ અંગેની આગળની ઘટિત કાર્યવાહી અર્થે જાણ કરવા સારૂ.

૨) આચાર્યશ્રીઓ/નિયામકશ્રીઓ/યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તથા પીએચ.ડી. ચલાવતી સંસ્થઓ તરફ તેમજ સંબંધિત માર્ગદર્શકશ્રીઓ, વિદ્યાર્થીઓને આ અંગેની આગળની ઘટિત કાર્યવાહી અર્થે જાણ કરવા સારૂ.

૩) અધ્યક્ષશ્રી, આઈ.ક્યુ.એ.સી.,સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ જાણ સારૂ.